આઈઆઈટી-ગાંધીનગરમાં ગયા વર્ષે કુલ 17 ગુજરાતી સ્ટુડન્ટ્સને એડમિશન મળ્યું હતું, જેની સંખ્યા આ વર્ષે 21 વિદ્યાર્થીઓની થઈ છે.

# IIT-Gnમાં આ વર્ષે ગુજરાતી સ્ટુડન્ટ્સની સંખ્યામાં વધારો

IIT UPDATES

સિટી રિપોર્ટર : **અમદાવાદ**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરની 2014-18ની બેચમાં આ વર્ષે 142 વિદ્યાર્થીઓ બી.ટેકનાં અભ્યાસક્રમમાં જોડાયાં છે, જેની સંખ્યા ગયા વર્ષે 132 હતી. ગયા વર્ષે ગુજરાતનાં 17 વિદ્યાર્થીઓએ આઈઆઈટી-જીમાં એડમિશન લીધાં હતાં, જે આંકડો વધીને 21 વિદ્યાર્થીઓનો થઈ ગયો છે. બી. ટેકનાં 142 વિદ્યાર્થીઓને માટે પાંચ અઠવાડિયાના ફાઉન્ડેશન પ્રોગ્રામમાં જુદી-જુદી એક્ટિવિટીઝ અને થીમ જેવી કે એથિક્સ, સોશિયલ અવેરનેસ, ક્રિએટિવિટી, સ્પોર્ટ્સ અને ટીમવર્કનું આયોજન વગેરે શીખ્યાં હતાં. આ ફાઉન્ડેશન પ્રોગ્રામનાં ઈનોગ્રેશન ઈવેન્ટમાં આઈઆઈટી દિલ્હીનાં પ્રો.સંજીવ સાંઘી ચીફ ગેસ્ટ તરીકે હાજર રહ્યાં હતાં. પ્રો.સાંઘીએ આઈઆઈટીનાં કલ્ચરનાં ઈન્ટ્રોડક્શનમાં કહ્યું હતું કે, અભ્યાસની સાથે સાથે દરેક વિદ્યાર્થીએ જીવનની જુદી-જુદી એક્ટિવિટિઝનું મહત્ત્વ સમજીને તેમાં ભાગ લેવો ખૂબ જ જરૂરી છે.

## સ્ટુડન્ટ્સ ક્યાંથી?

આ વર્ષની બી.ટેક સ્ટુડન્ટ્સની બેચમાં દેશભરનાં 19 રાજ્યોમાંથી વિદ્યાર્થીઓએ આઈઆઈટી-જીએનમાં એડમિશન લીધું છે. ગયા વર્ષે ગુજરાતમાંથી 17 વિદ્યાર્થીઓએ આઈઆઈટી-જીએનમાં એડમિશન લીધું હતું, તેનો આંકડો આ વર્ષે વધીને 21 વિદ્યાર્થીઓ સુધીનો થયો છે. જ્યારે સૌથી વધુ 33 જેટલાં વિદ્યાર્થીઓ મહારાષ્ટ્ર રાજ્યમાંથી આવ્યાં છે, જ્યારે બીજો ક્રમ રાજસ્થાનનો રહ્યો હોઈ ત્યાંથી 24 વિદ્યાર્થીઓએ એડમિશન લીધું છે. આ વર્ષે બેચનાં ઘણાં વિદ્યાર્થીઓ આઈઆઈટી-જીએનમાં જોડાવા માટે આકર્ષિત હતાં, તેનું કારણ આઈઆઈટી-જીએનનાં ઈનોવેટિવ પ્રોગ્રામ્સ રહ્યાં છે.

રાજસ્થાનનાં વિદ્યાર્થી દિપક ધરીવાલે જણાવ્યું કે, હું ખુશ છું કે મને આઈઆઈટીજીએનમાં એડમિશન મળ્યું છે કારણ કે ટેકનોલોજીની કોલેજોમાં આ બેસ્ટ બની રહી છે. અહીંયા ઘણી તકો રહેલી છે.

## આ વર્ષે પ્રોગ્રામ્સ રહેશે રસપ્રદ

આ વર્ષનાં ફાઉન્ડેશન પ્રોગ્રામમાં હેરિટેજ વોકની સિરીઝનું આયોજન કરવામાં આવશે. જેમાં અમદાવાદ શહેર, સ્ટ્રીટ ક્રિઅરિંગ સેશન્સ, સ્પોર્ટ્સ, એક્ટિવિટિઝ, થિયેટર વર્કશોપ્સ, ટોય મેકિંગ, પેઇન્ટિંગ અને ડાન્સ વર્કશોપ્સ તેમજ ઇનોવેટર્સ, આંત્રપ્રિનીયોર્સ, સોશિયલ વર્કર્સ, ફિલ્મ ડાયરેક્ટર્સ અને અન્યોની સાથે ઇન્ટરેક્ટિવ સેશન્સ યોજવામાં આવશે.